Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्रीजैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનાગતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શક ૧૮૨૫ શ્રાવણ શુદિ ૧૫ સંવત ૧૯૫૯ અંક ૫ મો.


# हितोपदेश.

## "વૃથા ગયું જીવિત તે નરોનું."

(ઉપજાતી.)

(અનુસંધાન પૃષ્ટ ૫૭ મેથી)

જે કામિની કામ કટાક્ષ બાણે, ઘાયલ બની ધર્મ જરા ન જાણે;
સદા ધરે ધ્યાન પ્રિયા જનોનું, વૃથા ગયું જીવિત તે નરોનું. ૪
જે સુંદરી સંગીતમાં મચેલા, શૃંગાર ગીતે રસમાં રચેલા;
કરે નહીં કીર્તન ધાર્મિકોનું, વૃથા ગયું જીવિત તે નરોનું ૫
જે અંગનાલિંગનમાં ઉમંગી, સદા રહી કોમળ [1]તલ્પ સંગી;
જાણે નહીં નિર્ગમ વાસરોનું[2]; વૃથા ગયું જીવિત તે નરોનું. ૬
જે રૂપમાં લીન બની નિજાંગે[3]; શોભા કરે નિત્ય નવિન રંગે;
કરે નહીં સાધન સુવ્રતોનું, વૃથા ગયું જીવિત તે નરોનું. ૭
જે સ્વાદમાં લંપટ થૈ રમે છે; નિત્યે વિકારી રસને જમે છે;
પડી રહે ઘેન કરી રસોનું, વૃથા ગયું જીવિત તે નરોનું. ૮

નોટ— ૧ શય્યા—પલંગ. ૨ દિવસોનું નિર્ગમન. ૩ પોતાના અંગમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે અંગમાં અંતર તેહ ચોળે, સુગંધમાં મગ્ન બનીજ ડોલે;
ગણે નહિ માન મહાજનોનું; વૃથા ગયું જીવિત તે નરોનું. ૯
જે જોગની માનુષ દેહ શાગે, કરે નહી આ ભવનો સુધારો;
કરે સદા ચેષ્ટિત તે મૃગોનું, વૃથા ગયું જીવિત તે નરોનું. ૧૦
જે ભાગ્યથી લક્ષ્મીપતિ થયા છે; સંપત્તિના સૌખ્ય વિષે રહ્યા છે;
કરો સદા જીવિત સાર્થ નિત્યે; કહું સુણો નર્મદ એહ પ્રીતે. ૧૧

# माया.

## ( શ્રી મલ્લીનાથજી ચરિત્ર. )

અનુસંધાન પૃષ્ઠ ૬૧ થેથી.

ઇંદ્રે ધનદને આજ્ઞા કરી કે તરતજ ધનદે પોતાના જંભક દેવતાઓને બોલાવીને આજ્ઞા કરી કે "તમે શ્રી મલ્લીનાથ અરિહંતના ગૃહને વિષે વરસીદાન દેવા નિમિત્તે ૩૮૮ ક્રોડ અને ૮૦ લાખ સોનૈયાની વૃષ્ટિ કરો." તરતજ તે દેવતાઓ ઇશાનકુણે જઇ વૈક્રિય સમુદ્ઘાત કરીને ઉત્કૃષ્ટિ ગતિ વડે જંબુદ્વિપમાં મિથિલા નગરીને વિષે જ્યાં કુંભરાજાનું રાજભુવન છે ત્યાં આવ્યા અને પૂર્વોક્ત સંખ્યાવાળા સુવર્ણ દ્રવ્યની વૃષ્ટિ કરી સ્વસ્થાનકે જઇને તેમણે ધનદને આજ્ઞા પાછી સોંપી એટલે ધનદે સૌધર્મેંદ્ર સમિપે જઇને આજ્ઞા મુજબ અમલ કર્યાનું નિવેદન કર્યું.

હવે મલ્લીકુંવરી દરરોજ પ્રાતઃકાળથી દાન દેવા બેસે છે તે પ્રથમના બે પ્રહર પર્યંત સનાથ, અનાથ, ધનવાન્, નિર્ધન, પંથી, પ્રેષિત, કાપાલિક, બાવા, જોગી, વેષધારી વિગેરે જે આવે છે તેને એક મુષ્ટિ વડે દાન આપે છે. આ વખતે ઇંદ્ર સમિપે રહે છે અને દાન લેનારના ભાગ્યાનુસાર મુષ્ટિ માંહેના દ્રવ્યમાં હાની વૃદ્ધિ કરેછે. અભવ્ય જીવ આ દાનનો લાભ પામી શકતા નથી, વળી દાન લેનારને ૬ માસ પર્યંત તો એ દાનના પ્રભાવે કોઇ પણ પ્રકારનો વ્યાધિ ઉત્પન્ન થતો નથી. દરરોજ એક ક્રોડને આઠ લાખ દ્રવ્યની રાશી દાનમાં આપે છે એટલે એક વર્ષે પૂર્વોક્ત સંખ્યા યુક્ત દ્રવ્ય દાનમાં આપે છે,

એ પ્રસંગે કુંભરાજાએ પણ સ્થાને સ્થાને દાનશાળાઓ ભોજનશાળાઓ માંડાવી છે તેમાં અનેક પ્રકારની રસવતી નિષ્પન્ન થાય છે. તેમાં આવનાર્ પ્રાણી જે આવે તેને આદર સત્કાર પૂર્વક જમાડવામાં આવે-

નનું આતર. ... છે.

For Private And Personal Use Only

દેશ પ્રદેશમાં સારે તરફ શ્રી મલ્લી અરિહંત મનવાંછિત દાન આપે છે' એવી ખબર ફેલાઈ જવાથી દૂર દૂર દેશાન્તરોથી અનેક મનુષ્યો આવી આવીને દાન લેવા લાગ્યા. આ પ્રમાણે એક વર્ષ સંપૂર્ણ થયું એટલે પોતાનો આચાર જાણીને નવ લોકાંતીક દેવતાઓ ભગવાનની પાસે આવ્યા. તેઓ પાંચમા બ્રહ્મ દેવલોકની કૃષ્ણરાજીને વિષે રિષ્ટ નામના ત્રીજા પ્રતરમા રહેનારા છે. સારસ્વત, આદિત્ય, વન્હિ, વરુણ, ગર્દતોય, તુષિતા, અવ્યાબાધ, આગ્નેય, અને રિષ્ટ એ પ્રમાણે તેમના નામ છે. તેમનો ઘણો પરિવાર છે. ભગવંતના દિક્ષા સમયે તેમનું આસન પ્રચલિત થવાથી અવધિજ્ઞાન વડે દિક્ષા સમયને જાણીને ભગવંતને સ્મરણ આપવા માટે આવવાનો તેમનો અનાદિ વ્યવહાર છે તે અનુસારે તેઓએ ભગવંત પાસે આવીને બે હાથ જોડીને કહ્યું કે " હે ભગવંત! લોકનાથ! ધર્મ તીર્થને પ્રવર્તાવો. જે ધર્મતીર્થ ભવ્ય પ્રાણીઓને હિતકારી, સુખકારી અને યાવત્ નિશ્રેયસકારી મોક્ષ સુખને આપનાર છે. " આ પ્રમાણે બે ત્રણ વખત મહા મધુર અને મનોજ્ઞ વાણીવડે કહીને જેમ આવ્યા હતા તેમજ પાછા સ્વસ્થાનકે ગયા.

પછી શ્રી મલ્લી અરિહંતે જ્યાં પોતાના માતા પિતા છે ત્યાં આવીને નમ્ર વચને કહ્યું કે " તમારી આજ્ઞાને પામીને હું દિક્ષા લેવાને વાંછુ છું" માતા પિતાએ પણ તરતજ કહ્યું કે "હે પુત્રી! હે દેવાનુપ્રીયા! જેમ તને સુખ ઉપજે તેમ કર." આ પ્રમાણે આજ્ઞાને પામીને મલ્લીકુંવરી દિક્ષા લેવા ઉજમાળ થયા એટલે કુંભરાજાએ દિક્ષા મહોત્સવની તૈયારી કરાવી. પ્રથમ અભિષેક કરવા માટે આઠ જાતિના કળશો તૈયાર કર્યા. એ સમયે પ્રભુનો દિક્ષા મહોત્સવ હોવાથી ૬૪ ઇંદ્રોના આસન કંપાયમાન થયા એટલે તેઓ અવધિજ્ઞાન વડે દિક્ષા સમય જાણીને તરતજ જ્યાં મલ્લીકુંવરી બેઠા છે ત્યાં આવ્યા અને પોત પોતાના અભિયોગીક દેવોને આજ્ઞા કરી કે " સુવર્ણ રૂપ્ય વિગેરે આઠ જાતીના મળીને ૮૦૬૪ કળશ તૈયાર કરો અને તેને કુંભરાજાએ કરાવેલા કળશની અંદર પ્રવેશ કરાવો તથા તીર્થ જળે કરીને ભરો" દેવોએ તત્કાળ આજ્ઞા પ્રમાણે તૈયારી કરી એટલે શક્રેન્દ્રે ભગવંતને પૂર્વ દિશા સન્મુખ સિંહાસન ઉપર બેસાર્યા અને કુંભરાજાને આગળ કરીને સર્વ ઇંદ્રોએ તીર્થ જળવડે અભિષેક કર્યો. પછી ઉત્તમ વસ્ત્રાભરણ વડે અલંકૃત કર્યા. કુંભરાજાએ તરતજ મનોરમા નામે પાલખી તૈયાર કરાવી એટલે ઇંદ્રે રત્નજડીત અનેક સ્થંભોવાળી પાલખી પોતાના

અનેક દેવતાઓ પાસે તૈયાર કરાવીને તેની અંદર પ્રવેશ કરાવ્યો. મલ્લીકુંવરી અરિહંત તેને વિષે રહેલા પૂર્વાભિમુખ સિંહાસન ઉપર બેઠા એટલે કુંભરાજાએ પોતાના અનેક પુરૂષોને સ્નાન કરાવી, સુશોભિત વસ્ત્રાભરણ વડે અલંકૃત કરી પાલખી ઉપાડવાને આજ્ઞા કરી તેઓએ પાલખી ઉપાડી કે તરત ઇંદ્રોએ આવીને તેમને દૂર કર્યા અને શક્રેંદ્ર, ઇશાનેંદ્ર, ચમરેંદ્ર અને બલીંદ્રે પોતાના સ્કંધ ઉપર પાલખી ઉપાડી. બાકી અનેક દેવતાઓ પણ ઉપાડીને ચાલવા લાગ્યા. આગળ ચાલ્યા એટલે શક્રેંદ્ર અને ઇશાનેંદ્ર ત્યાંથી નીકળી ભગવંતની બંને બાજુએ આવી ચામર લઇને ઉભા રહ્યા. આઠ મંગળ આગળ ચાલ્યા એટલે અનેક પ્રકારના વાજીત્રોના ઘોષ સાથે મિથિલા નગરીના મધ્ય મધ્યમાં થઇને એ વરઘોડો સહસ્ત્રામ્ર નામના વનમાં આવ્યો. દેવતાઓએ આખા નગરમાંથી તથા ઉદ્યાનમાંથી કચરો દૂર કરીને સુગંધી જળ વડે સીંચન કર્યું. ભગવંતે પાલખીમાંથી ઉતરીને તરતજ પોતાના આભરણો ઉતાર્યા તે પ્રભાવતિ માતાએ પોતાના ખોળામાં ગ્રહણ કર્યા. પછી ભગવંતે સ્વહસ્તે પંચમુષ્ટી લોચ કર્યો. ઇંદ્રે તે વાળ લઇને ક્ષીર સમુદ્રમાં ક્ષેપન કર્યા ત્યાર પછી ભગવંતને સૂત્ર ઉચરવાનો અવસર જાણીને ઇંદ્રે સર્વ વાજીત્રાદિનો ઘોષ બંધ કર્યો. એટલે ભગવંતે પ્રથમ સિદ્ધને નમસ્કાર કરીને करेमि सामाइयं ઇત્યાદિ પાઠવડે દિક્ષા ગ્રહણ કરી. તત્કાળ પ્રધાન મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. પોશ શુદિ ૧૧ ને દિવસે ભગવંતે અઠ્ઠમનો તપ કરીને ચારિત્ર ગ્રહણ કર્યું તે વખતે તેમની સાથે અભ્યંતર પર્ષદાની ૩૦૦ સ્ત્રીઓ અને બાહ્ય પર્ષદાના ૩૦૦ પુરૂષોએ પણ ચારિત્ર લીધું. બીજા આઠ કુમારોએ પણ સાથેજ ચારિત્ર ગ્રહણ કર્યું. ઇંદ્રાદિક ચારે નિકાયના દેવતાઓ અહીં ભગવંતનો નિષ્ક્રમણ મહોત્સવ કરીને પછી નંદીશ્વર દ્વીપે ગયા. ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ કરીને સ્વસ્થાનકે ગયા.

ભગવંતને દિક્ષા દિવસનેજ પાછલે પહોરે શુભ ધ્યાનવડે ચાર ઘાતિ કર્મનો ક્ષય થવાથી અનંત, અનુત્તર, પ્રધાન, વ્યાઘાત રહીત, નિરાવરણ, ક્ષાયિક અને પરિપૂર્ણ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું- તત્કાળ ઇંદ્રોના આસન કંપાયમાન થયા એટલે તેમણે ભગવંત સમીપે આવી સમવસરણની રચના કરી અને ભગવંતના મુખથી દેશનાને શ્રવણ કરી જ્ઞાન મહોત્સવ કરીને સર્વે નંદીશ્વર દ્વીપે ગયા. ત્યાં અઠ્ઠાઇ મહોત્સવ કરીને સ્વસ્થાનકે જતા હતા.

પ્રાતઃકાળે કુંભરાજાને વધામણી આવવાથી તેઓ તથા ૭ મિત્ર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક મોટા આડંબર સાથે ભગવંતને વાંદવા નગરની બહાર નીકળી સમવસરણમાં આવ્યા. દેશના સાંભળીને કુંભરાજા શ્રાવક થયા, પ્રભાવતી માતાએ શ્રાવિકાપણું અંગીકાર કર્યું અને છ મિત્ર રાજાઓએ ભગવંતની સમિપે દિક્ષા ગ્રહણ કરી ચૌદ પૂર્વ ભણ્યા, દ્વાદશાંગીના પારગામી થયા. યાવત્ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

ભગવંતે પણ અનેક દેશોમાં વિહાર કરી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડીને ઉપકાર કર્યો. તેમને કિંશુક પ્રમુખ ૨૮ ગચ્છ અને ૨૮ ગણધર થયા. ૪૦૦૦૦ સાધુ, ૫૫૦૦૦ સાધ્વી, ૧૮૪૦૦૦ શ્રાવક અને ૩૬૫૦૦૦ શ્રાવીકાની ઉત્કૃષ્ટિ સંપદા થઈ. ૬૦૦ ચૌદપૂર્વી ૨૦૦૦ અવધિજ્ઞાની, ૩૨૦૦ કેવળજ્ઞાની. ૩૫૦૦ વૈક્રીયલબ્ધિવાળા, ૮૦૦ મનપર્યવજ્ઞાની અને ૧૪૦૦ વાદી થયા. ૨૦૦૦ મુનિ અનુત્તર વિમાને ગયા. ભગવંતની પાછળ વીશ પાટ સુધી મોક્ષ માર્ગ ચાલ્યો અને કેવળ જ્ઞાન પામ્યા પછી બીજે વર્ષે મોક્ષ માર્ગ શરૂ થયો મલ્લી અરિહંતનું ૨૫ ધનુષ્ય પ્રમાણ શરીર, પ્રિયંગુ સમાન નીલવર્ણ અને સમચૌરંસસંસ્થાન તથા વજ્રઋષભનારાચ સંઘયણ હતું.

મલ્લી અરિહંત એક સો વર્ષ ગ્રહવાસે રહ્યા અને ૫૪૯૦૦ વર્ષ કેવળી પર્યાય પાળ્યો. એકંદર ૫૫૦૦૦ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને અંત સમયે શ્રી સમ્મેતશીખર પર્વતે પધાર્યા. અને પાદપોગમન અણુસણ અંગીકાર કર્યું. ચૈત્ર શુદિ ચતુર્થીની મધ્ય રાત્રીએ પાંચશે સ્ત્રીઓ અને પાંચશેં પુરૂષોની સંઘાતે એક માસની સંલેખણા કરીને ચાર અઘાતિ કર્મનો ક્ષય કરી મોક્ષ સુખ પ્રત્યે પામ્યા. સર્વે કર્મોથી વિમુક્ત થયા. સર્વ અર્થની સિદ્ધિને પ્રાપ્ત થયા.

ઈંદ્રાદિકોએ આવીને ભગવંતનો નિર્વાણ મહોત્સવ કર્યો અને નંદીશ્વરદ્વીપે જઈ અઠ્ઠાઇ મહોત્સવ કરીને સ્વસ્થાનકે ગયા.

પ્રીય વાંચનાર ! આ કથાની અહીં સમાપ્તિ થાય છે. માયા કપટ કરનાર મનુષ્ય પ્રથમ તો કાંઈક લાભ થવાથી મનમાં રાચે છે પરંતુ તેનું પરિણામ મહાનિષ્ઠુર આવે છે. એ સંબંધમાં આ વિષયના પ્રારંભમાં વિશેષ પ્રકારે લખાએલ હોવાથી ફરીને અહીં લખવાની જરૂર નથી પરન્તુ ખરો વિચાર કરવાનો એ છે કે શ્રીમલ્લી અરિહંતે પૂર્વ ભવમાં માત્ર તપસ્યા વિશેષ કરવાને માટે પણ કપટ કર્યું તો તેનું ફળ સ્ત્રીપણાની પ્રા-

For Private And Personal Use Only

તિ રૂપ થયું. તો જે પ્રાણી અનેક પ્રકારના પાપના કારણોની શુદ્ધિને માટે અથવા અનર્થ મૂળ અર્થ—દ્રવ્યની પ્રાપ્તિને માટે કપટ કરે છે તેને કેવું અનિષ્ટ ફળ ચાખવું પડશે ! એટલું તો ચોક્કસ સમજવું કે માયા કપટ કરનારને આગામી ભવમાં તિર્યંચ ગતિનીજ પ્રાપ્તિ થાય છે અથવા સ્ત્રી પણાને પ્રાપ્ત કરે છે. માટે જો તમને એ બને બાબતો અનીષ્ટ લાગતી હોય તો માયા કપટ કરવું પડતું મુકજો અને સર્વ કાર્ય સરળપણે—નિષ્કપટ ભક્તિએ કરજો જેથી અનીષ્ટ ફળ ચાખવાનો વખત નહીં આવે.

કેટલાએક મનુષ્યો સાંસારીક કાર્યમાં તો શું પણ ધર્મ કાર્યમાં પણ કપટકેળી કરે છે પરંતુ તેઓ તેના માઠા ફળનો વિચાર કરતા નથી. કેમકે તેથી વિશેષ અનિષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે માટે ઉત્તમજનોએ સંસારીક કાર્યમાં પણ કપટ ન કરવું અને ધર્મ કાર્યમાં તો વિશેષ પ્રકારે સરળતા રાખવી જેથી દરેક ધર્મ કાર્ય ફળીભુત થાય.

તથાસ્તુ

# प्रतिक्रमण.

(અનુસંધાન પૃષ્ટ ૬૩ થી.)

પ્રતિક્રમણસૂત્ર (વંદીતુ) કહ્યા પછી પ્રથમ બે લોગસ્સનો કાયોત્સર્ગ કરવાની હકીકત પૂર્વે કહેલી છે તે કાયોત્સર્ગના પ્રારંભમાં **આયરિયઉવજ્ઝાએ** કહ્યા પછી **કરેમિભંતે** કહેવામાં આવે છે એ સંબંધમાં શિષ્ય પ્રશ્ન કરે છે કે—"**કરેમિભંતે સામાઇયં**" એ સૂત્ર પ્રથમ આદિમાં, પછી વંદીત્તાસૂત્રના પ્રારંભમાં એમ બેવાર કહ્યા પછી વળી ત્રીજી વાર અહીં કહેવાનું શું પ્રયોજન છે?' ગુરૂ ઉત્તર આપે છે કે "સર્વ ધર્માનુષ્ટાન સમતા પરિણામને વિશે સ્થિત થયા સતાજ થાય છે તેથી પ્રતિક્રમણની આદ્યમાં મધ્યમાં અને અવસાને વારંવાર તેની સ્મૃતિને માટે **કરેમિભંતે** એ સૂત્ર કહેવાનું છે." કદી કોઇ અહીંયાં પુનરૂક્ત દૂષણ લાગવાની શંકા કરે પરંતુ સઝાયધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ, પ્રયાણ અને સંતગુણકીર્તન એટલા કાર્યમાં વારંવાર કહેતાં કરતાં પુનરૂક્ત દૂષણ લાગતુ નથી.

ચારિત્રાચારની વિશુદ્ધિને માટે ઉપર કહેલ કાઉસગ્ગ પાર્યા પછી જ્ઞાનાચાર અને દર્શનાચાર બંનેની શુદ્ધિને માટે કાઉસગ્ગ કરવાના હોવાથી કોની વિશુદ્ધિને માટે પહેલો કાઉસગ્ગ કરવો તેનો નિર્ણય કરવા માટે કહે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે—કતકનું ચૂર્ણ જેમ જળને શુદ્ધ કરે છે અને અંજન જેમ દૃષ્ટિને નિર્મળ કરે છે તેમ સમ્યક્ત્વ, જ્ઞાનને નિર્મળ કરે છે જેમ જળ નિર્મળ થાય છે અને દૃષ્ટિરૂપને ગ્રહે છે તેમ જેમ જેમ તત્ત્વરુચિ થાય છે તેમ તેમ તત્ત્વાગમ (તત્ત્વનું જાણપણું) થાય છે દિપક અને પ્રકાશ બન્ને એક સાથે ઉત્પન્ન થાય છે પરંતુ પ્રકાશનું કારણ જેમ દિપક છે તેમ સમ્યક્ જ્ઞાનનું હેતુભૂત સમ્યક્ત્વ છે. શુદ્ધ શ્રદ્ધાથીજ સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ઇત્યાદિક હેતુઓ કરીને જ્ઞાન થકી દર્શન અધિક છે માટે જ્ઞાનાચારની પૂર્વે દર્શનાચારની વિશુદ્ધિને માટે ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ હોવાથી આસન્ન ઉપકારી એવા શ્રી રૂષભાદિ ચતુર્વિંશતિ તિર્થંકરોની સ્તુતિરૂપ ચતુર્વિંશતિ સ્તવ (લોગસ્સ) તથા **સવ્વલોએ** અરિહંતચેઇઆણં વિગેરે સૂત્રો કહીને તેને અર્થે કાયોત્સર્ગ કરે અને તેમાં એક લોગસ્સ ચિંતવે. પછી કાઉસગ્ગ પારીને શ્રુતજ્ઞાનાચારની વિશુદ્ધિને માટે **પુખ્ખરવરદીવડ્ઢે** ઇત્યાદિ સૂત્રો કહીને બીજો કાઉસગ્ગ પણ એક લોગસ્સ ચિંતવન યુક્ત કરે.

એ કાઉસગ્ગ પારીને જ્ઞાનાચાર, દર્શનાચાર, અને ચારિત્રાચારના નિરતીચારપણે સમાચરણ કરવાથી જેમણે ઉત્કૃષ્ટ ફળને પ્રાપ્ત કરેલું છે એવા સિદ્ધભગવંતની સ્તુતિરૂપ '**સિદ્ધાણંબુદ્ધાણં**' એ સૂત્ર કહે.

પૂર્વોક્ત ત્રણ કાયોત્સર્ગમાં ચારિત્રાચારની વિશુદ્ધિને માટે બે લોગસ્સના અને જ્ઞાનાચાર દર્શનાચારને માટે એકએક લોગસ્સના કાઉસગ્ગ કહ્યા તે ચારિત્રાચારની વિશેષતા હોવાથી સમજવું. તે વિશેષતાને માટે પૂર્વે યુક્તિ દર્શાવેલી છે.

એ પ્રમાણે ત્રણે કાયોત્સર્ગ કર્યા પછી **સિદ્ધસ્તવ** કહેવાય છે. તેનું કારણ એ છે કે સકળકુશળઅનુષ્ઠાનનું ફળ સિદ્ધિપદ છે અને તેને પ્રાપ્ત કરનારા તે સિદ્ધ ભગવંત છે. જૈનધર્મ સાશ્વત સુખ યુક્ત મોક્ષફળને દેવાવાળો જિનેશ્વર ભગવંતે કહેલો છે. તેનું આરાધન કરતા સતા મનુષ્યગતિ સબંધી અને દેવગતિ સંબંધી સુખની જે પ્રાપ્તિ થાય છે તે ધાન્યોત્પત્તિને માટે ખેતી કરનાર કૃષીકારને ધાન્ય ઉપરાંત ખડની પ્રાપ્તિ પણ તેને માટે પ્રયાસ કર્યા શિવાય થાય છે તેમ સમજવી. અટલે એ અનુસંગીક ફળ છે. પરંતુ તે દેવગતિ મનુષ્યગતિ આશ્રયી સુખ પ્રાંતે વિનશ્વર હોવાથી શાસ્ત્રકાર તેને ખરૂં સુખ કહેતા નથી. ગૈતમ સ્વામિએ ભગવંતને પુછ્યું છે કે "હે ભગવંત! સુખ કેને કહીએ?" ભગવાને ઉત્તર આપ્યો કે "હે ગૈતમ ઘણે કાળે પણ જેનો અંત (વિનાશ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી તેને સુખ કહીએ" તેવું સુખતો મોક્ષ સુખજ છે.

કદિ કોઇ પ્રશ્ન કરે કે જ્યારે સિદ્ધની અને મોક્ષ સુખની મુખ્યતા છે ત્યારે તેની સ્તુતિ રૂપ સિદ્ધ સ્તવ પ્રારંભમાં શા માટે ન કહ્યો? ઊત્તર સર્વે ક્રિયાઓનું ફળ પર્યવસાનેજ હોય છે. પહેલાં હોતું નથી. વૃક્ષોને વિષે પણ ફળોત્પત્તિ પ્રાંતેજ થાય છે. કહ્યું છે કે વૃક્ષના મૂળથી ખંધનો પ્રભવ થાય છે. ખંધથી શાખા, શાખાથી પ્રશાખા, પ્રશાખાથી પત્ર, પત્રથી પુષ્પ, પછી ફળ અને છેવટે રસની ઉત્પત્તી છે. આ પ્રમાણે હોવાથી જ્ઞાન દર્શન ચારિત્રના ફળ રૂપ સિદ્ધનું સ્મરણ પ્રાંતે કરવું યુક્ત છે.

**સિદ્ધાણં બુદ્ધાણં**ની પ્રથમ ગાથાવડે સિદ્ધ ભગવંતની સ્તુતિ કર્યા પછી સાંપ્રતકાળે જેમનું શાસન પ્રવર્ત્તે છે એવા **શ્રી વીરભગવંત** વિશેષ સ્મરણીય હોવાથી તેમની સ્તુતિની બે ગાથાઓ કહેવી. ત્યાર પછી મહા તીર્થ હોવાથી **શ્રી [1]ઊજ્જયંતગિરિની** તથા તેના અલંકારભૂત **શ્રી નેમિનાથની** સ્તુતિરૂપ એક ગાથા કહેવી અને પછી **અષ્ટાપદ નંદીશ્વરાદિ** અનેક તીર્થોના નમસ્કારરૂપ [2]चत्तारी अट्ठ दस दोय वंदीया० એ ગાથા કહેવી.

આ પ્રમાણે જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારની શુદ્ધિ કરીને સકળ ધર્માનુષ્ઠાનનું હેતુ ભૂત શ્રુત હોવાથી તેની સમૃદ્ધિને અર્થે सुअ देवयाए करेमि काउस्सग्गं अन्नथ्थ० ઇત્યાદિ કહીને શ્રુત દેવતાનો કાઊસ્સગ્ગ કરવો. તેમાં એક નવકાર ચિંતવવો. દેવતાદિકનું આરાધન સ્વલ્પ યત્નવડે સાધ્ય હોવાથી આઠ શ્વાસોશ્વાસના પ્રમાણવાળો આ કાઊસગ સમજવો. કાઊસગ પારીને શ્રુતદેવતાની સ્તુતિરૂપ सुयदेवया भगवइ० એ સ્તુતિ કહેવી.

અહીં શિષ્ય શંકા કરે છે કે—શ્રુતરૂપ દેવતાનો કાયોત્સર્ગ તો શ્રુતની સમૃદ્ધિને અર્થે કરવો યુક્ત છે કેમકે શ્રુતની ભક્તિ કરવાથી જ્ઞાનાવરણી કર્મનો ક્ષય થાય છે અને તેમ થવાથી શ્રુત સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ વાતતો સુપ્રતિત છે. પરંતુ શ્રુતના અધિષ્ઠાયક દેવતાઓ તો વ્યંતરાદિ હોય છે તેથી તેના આરાધન માટે કાયોત્સર્ગ કરવો યુક્ત નથી. વળી તેઓનું

---

૧ ગિરનાર. ૨ આ ગાથાના અનેક અર્થ થાય છે. તેથી જુદા જુદા ઘણા તીર્થોનું વંદન થઇ શકે છે.

છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્કૃષ્ટ કર્મ ખપાવવામાં અસમર્થપણું હોવાથી તેઓ શ્રુત સમૃદ્ધિના હેતુ નથી. જો શ્રુતરૂપ દેવતાને નિમિત્તે કાયોત્સર્ગ કહેશો તો શ્રુતરૂપ દેવતાની તો ત્રીજા **पुक्खरवरदीवड्ढे०** ના કાયોત્સર્ગ પ્રસંગે સ્તુતિ કરેલીજ છે. ઉત્તર—શ્રુત અધિષ્ઠાતૃ દેવતાને ગોચર જે શુભ પ્રણિધાન છે તેનું સ્મરણ કરનારના કર્મક્ષયના હેતુપણે અભિધાન કરેલું છે. તેથી શ્રુતદેવતાની તેમજ ક્ષેત્ર દેવતાની સ્તુતિ પણ યોગ્ય છે. જેના અધિષ્ઠિત ક્ષેત્રને વિષે સ્થિતિ કરીએ તેનો કાયોત્સર્ગ કરીને પછી તેની સ્તુતિ કહેવી. દરરોજ ક્ષેત્ર દેવતાનું સ્મરણ કરવું તે ત્રીજા વ્રતને વિષે વારંવાર અવગ્રહ યાચનરૂપ ભાવના કહેલી છે તેના ખરાપણા રૂપ સંભવે છે.

વળી શિષ્ય શંકા કરે છે કે—શ્રુતદેવતા અને ક્ષેત્ર દેવતાદિકનો કાયોત્સર્ગ કરવાથી મિથ્યાત્વની પ્રસક્તિ થાય છે તેથી તે કરવા યુક્ત નથી. ઉત્તર—પુર્વધરાદિકના કાળને વિષે પણ એ કાયોત્સર્ગના ક્રિયમાણપણાનો સંભવ હોવાથી તારું કહેવું યુક્ત નથી. શ્રી આવશ્યક સૂત્રની લઘુવૃત્તિ, બૃહદ્વૃત્તિ, ચૂર્ણી, ભાષ્ય, પાક્ષિકસૂત્ર તથા પ્રવચન સારોદ્ધારાદિને વિષે શ્રુતદેવતાદિકના કાયોત્સર્ગ કહેલા છે. **શ્રી આવશ્યક** બૃહદ્વૃત્તિના પ્રારંભમાં **શ્રી હરિભદ્રસૂરિએ** નમસ્કાર કરેલો છે તે ગાથા આ પ્રમાણે છે—

**प्रणिपत्य जिनवरेंद्रं, वीरं श्रुतदेवतां गुरून् साधून् ।**
**आवश्यकस्य विवृत्तिं, गुरूपदेशादहं वक्ष्ये ॥१॥**

શ્રી પંચવસ્તુ ગ્રંથમાં કહ્યું છે કે—

**आयरणा सुअदेवयमाइणं होइ उस्सग्गो ।**

શ્રી વીરભગવંતના નિર્વાણ પછી એક હજાર વર્ષે પૂર્વ વ્યવચ્છેદ પામ્યા. અને **શ્રી હરિભદ્રસૂરિ** ત્યાર પછી પંચાવન વર્ષે સ્વર્ગે ગયા છે. એમણે પોતાના મંગળાચરણમાં શ્રુતદેવતાને નમસ્કાર કરેલો છે તેથી તે પ્રકારની આચરણાનો સંભવ ગ્રંથકરણકાળની અગાઉ પણ હોવો જોઇએ એટલે પૂર્વધરના સમયને વિષે પણ શ્રુતદેવતાદિકના કાયોત્સર્ગનો **સંભવ** છે. અને તેથી તે કરવા યોગ્ય છે.

ત્યાર પછી નમસ્કાર (નવકાર) ભણવા પૂર્વક સંડાસા પ્રમાર્જીને બેસે. બેસીને પૂર્વે કહેલી વિધિ પ્રમાણે મુખવસ્ત્રીકા પડી લેહીને ગુરૂ મહારાજાને એઅાવર્ત વંદન બે વાંદણાવડે કરે. આ વંદન, શ્રી ગુરૂમહારાજની આજ્ઞા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વક કર્યું છે આવશ્યક જેણે એવા શિષ્યે 'મેં આપની આજ્ઞા યુક્ત પ્રતિક્રમણ કર્યું' એમ નિવેદન કરવા નિમિત્ત છે. લોકીકને વિષે પણ રાજા દકે કરેલા આદેશ પ્રમાણે કાર્ય કરીને પ્રણામ પૂર્વક તે પ્રમાણે કર્યાનું નિવેદન કરવાનું પ્રવર્તન છે. તેજ પ્રમાણે અહીં પણ જાણવું.

જેમ રાજાના મનુષ્યો કાર્ય પ્રસંગે મોકલ્યા સતા પ્રણામ કરીને જાય છે અને તે પ્રમાણે કાર્ય કરી આવ્યા પછી પ્રણામ પૂર્વક નિવેદન કરે છે તેમ અહીં પણ સાધુ, ગુરૂ મહારાજાએ પ્રતિક્રમણ કરવાની આજ્ઞા કર્યા સતા પ્રથમ ગુરૂ વંદન કરીને પછી ચારિત્રાદિકની વિશુદ્ધિ કરે છે અને પ્રાંતે ગુરૂમહારાજને છએ આવશ્યક કર્યાનું નિવેદન કરવાના પ્રારંભમાં દ્વાદશાવર્ત્ત વંદન કરીને પછી "સામાયક, ચઊવીસ્સથ્થો, વાંદણા, પડિક્કમણું, કાઊસગ્ગ, પચ્ચખ્ખાણ કર્યું છેજી." એમ નિવેદન કરે છે.

પછી इच्छामो अणुसट्ठिं એમ કહીને જાનુવડે સ્થિત થઇ અંજલી જોડી नमोऽर्हत्सिद्ध० ઇત્યાદિ પૂર્વક ત્રણ સ્તુતિ કહે. તેમાં પણ ગુરૂ મહારાજનો વિનય સાચવવા માટે જ્યાં સુધી ગુરૂ એક સ્તુતિ બોલે ત્યાં સુધી શિષ્ય મૌન રહે. અને એક સ્તુતિ ગુરૂ બોલી રહ્યા પછી સર્વે વર્દ્ધમાન સ્તુતિ ત્રણ બોલે.

અહીં इच्छामो अणुसट्ठिं એ શબ્દનો અર્થ એવો સમજવો કે અનુશાસ્તિ જે ગુર્વાજ્ઞા તેને હું અભિલષું છું-વાંછું છું. એટલે "પ્રતિક્રમણ કરવું" એવી જે ગુર્વાજ્ઞા તેને હું વાંછું છું. અને તે ગુર્વાજ્ઞા પ્રમાણે મેં મારા અભિલાષ પૂર્વક (રાજાની વેઠની પેઠે નહીં) પ્રતિક્રમણ કર્યું છે. આ સંભાવના એટલા માટે કરીએ છીએ કે તે વચન કહ્યા પછી ગુરૂ મહારાજનો કાંઇ નવો આદેશ નથી. વળી સમ્યક્ત સામાયિકાદિકના આરોપણની વિધિમાં તથા અંગાદિકના ઊદ્દેશમાં પણ એ પ્રમાણે इच्छामो अणुसट्ठिं એવું વચન છે અને તેની પછી કાંઇ ગુરૂ મહારાજ આદેશ દેતા નથી.

આ પ્રમાણે પ્રતિક્રમણ (ષટ્ આવશ્યક) સંપૂર્ણ થયું તે સંપૂર્ણ થવાથી ઊત્પન્ન થયો જે અત્યંત પ્રમોદ તેના પ્રસારથી આકુળ થયેલા પ્રતિક્રમણ કરનાર [1]વર્દ્ધમાન સ્વરે કરીને, [2]વર્દ્ધમાન અક્ષર યુક્ત, શ્રી વર્દ્ધમાન સ્વામીની नमोस्तुवर्द्धमानाय० ઇત્યાદિ ત્રણ સ્તુતિ બોલે. દેવ-

---

૧ ઊંચે સ્વરે ૨ દરેક ગાથામાં વધતા વધતા અક્ષર છે.



For Private And Personal Use Only

રીક પ્રતિક્રમણમાં ગુરૂ એક સ્તુતિ બોલી રહ્યા પછી બોલે અને પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં ગુરૂ મહારાજનું તથા પર્વનું વિશેષ બહુમાન સૂચવવાને માટે ગુરૂ ત્રણે સ્તુતિ બોલી રહે ત્યાર પછી સર્વે સાધુ અને શ્રાવકો સમકાળે ઉચ્ચ સ્વરે ત્રણે સ્તુતિ બોલે.

સાધ્વી અને શ્રાવીકાઓ સંસ્કૃત ભાષાના અનધિકારી હોવાથી नमोऽर्हत् सिद्ध० ઇત્યાદિ ન બોલે તથા नमोस्तु वर्द्धमानाय० ને સ્થાનકે संसार दावानल० ઇત્યાદિ ત્રણ સ્તુતિ બોલે. રાત્રિક પ્રતિક્રમણમાં પણ विशाल-लोचन० ને સ્થાનકે એજ संसार दावानल० ઇત્યાદિ ત્રણ સ્તુતિ બોલે. સ્ત્રીઓનો એ સંબંધમાં અધિકાર નથી એમ પૂર્વના સર્વ શાસ્ત્રકારે કહ્યું છે કે—

અપૂર્ણ.

# संबोधसत्तरी.

[અનુસંધાન પૃષ્ઠ ૬૫ મે થી]

રાજ કથા કરવાથી થતી હાની દ્રષ્ટાંત પૂર્વક સિદ્ધ કરીને એમ બ-તાવી આપ્યું છે કે તે કરવા યોગ્ય નથી એજ પ્રમાણે દેશ કથા કરવા-થી પણ અનેક પ્રકારની હાની છે. કેટલીક હાની તો રાજકથાની હાનીને લગતી છે, બાકીની કેટલીક હાની તે તે દેશ સંબંધે અનેક પ્રકારના પાપ કર્મોના અનુમોદનને લગતી છે. કોઇપણ દેશનું સારૂં માઠું ચિંતવન પણ દેશ કથા કરનારને થયા વિના રહેતું નથી. નવા નવા દેશની નવી નવી વાતો જાણી સાંભળીને તેમાં પોતાના મનનું ભેળસેળ કર્યા શિવાય રહી શકાતું નથી તે સાથે આનું આમ થાય તો ઠીક અને આનું આમ થાય તો ઠીક એવા વિચારો આવે છે અને વિકથા કરનારને તેવા વિચાર બો-લતાં પણ આંચકો આવતો નથી આવા કારણોથી અનેક પ્રકારનો કર્મ બંધ થાય છે. વળી મનુષ્યના જીવનના મધ્ય વયના અમુલ્ય વખતને ધ-ર્મસાધનમાં ન રોકતાં આવી વિકથામાં નિરર્થક ગુમાવી દેય છે.

ત્રીજી વિકથા સ્ત્રી કથા છે. આ વિકથા કરનારાની સંખ્યા તો સ-ર્વથી અધિક છે દશ વર્ષના છોકરાથી માંડીને ૭૦ વર્ષના વૃદ્ધ પર્યંત સર્વે સ્ત્રી કથામાં બહુધા રક્ત હોય છે. અમુક સ્ત્રી આવી અને અમુક આવી, એમ્ અમુકના આચરણ આવાં અને અમુકના આચરણ આવાં, આનું રૂપ આ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વું અને આનું આવું. આની ચાલ આવી અને આની આવી, આ પ્રમાણેની વાતો કરીને જીભના કૂચા કરે છે. અનેક પ્રકારની છતી અછતી વાતો કરે છે જેમાં ઘણી વાતો તો પ્રાયે અછતીજ કરે છે વર્તમાન સમયમાં દૃષ્ટિ કરતાં આ વિકથાએ પ્રાણીને પાયમાલ કરી દીધા છે, આ વિકથાના કરનારા, સાંભળનારા અને તેમાં રસ લેનારા પ્રાણીઓનો પાર નથી. કદી કોઈક ભાગ્યે એ વિકથા ન કરવાવાળા હશે તો પણ સ્ત્રી સંબંધી વાતો સાંભળતાં રસ ન ઉપજે તેવા તો ક્વચિતજ હોય છે. એવી વાતો કરવાની ટેવ વાળા, જેમ કવી પોતાની કથાને રસમય કરવા આશ્ચર્યકારક હકીકતને ક્ષેપન કરે છે તેમ પોતાની વિકથામાં રસ લાવવા કઇક સ્ત્રીઓની સાચી ખોટી વાતો કરવા મંડી જાય છે અને તેમાં રસ પડ્યા પછી તેને સત્યાસત્ય બોલવાનું તદ્દન નિઃશુકપણું થઇ જાય છે. યુવાન મિત્રોના મંડળમાં જોશો તો પ્રાયે સ્ત્રી સંબધી વાતોજ થતી હશે, ધર્મ બુદ્ધિવાળા જનો પણ ઘણી વખત એવી વાતોમાં ભળી જતા જોવામાં આવે છે; પરંતુ આ વિકથા બહુજ કર્મ બંધ કરાવનારી છે માટે ઉત્તમ મનુષ્યોએ તેનાથી દૂર રહેવું જોઇએ. વિકથા કરનારા એટલે સ્ત્રીઓ સંબંધી વાતોના તડાકા મારનારાને કોની વાત કરવી અને કોની ન કરવી તેનો કાંઇ નિયમ હોતો નથી. રાજાની રાણીઓની વાતો કરે, અધિકારીઓના ઘરની વાતો કરે, પોતાના શેઠના ઘરની કરે, મિત્રની સ્ત્રીની કરે, કુટુંબની કરે, વિદ્યા ગુરૂના ઘરની કરે અર્થાત્ સૌની વાતો કરે. વ્યવહાર વૃત્તિએ માતા તુલ્ય ગણાતી રાજાની રાણી, વિદ્યા ગુરૂની સ્ત્રી, શેઠની સ્ત્રી, મિત્રની સ્ત્રી તથા સાસુ એઓની વાત પણ પોતાની માતાની વાત તુલ્ય હોવા છતાં હદ કે મર્યાદા મુકીને અનેક પ્રકારની નીલજ્જતા યુક્ત કરેછે. ઉત્તમ જનોએ એવી વાતો કરવાની પ્રથમથી ટેવજ પાડવી ન જોઇએ કેમકે ટેવ પડ્યા પછી તેનું નિવારણ થવું બહુ મુશ્કેલ છે,

હવે ચોથી વિકથા ભક્તકથા છે. ભક્તકથા એટલે ભોજનની કથા આ વિકથાના રસીયા બ્રાહ્મણો વિશેષે હોય છે એમ કહેવાય છે કેમકે તેને ભોજનની વાત ઉપર ભાવ બહુ હોય છે પરંતુ આ વિકથામાં ઘણાનો સમાવેશ થઇ જાય છે અમુકને ત્યાં જમવા ગયા હતાં ત્યાં જમણ સારૂં હતું કે માઠું, અમુક ચીજ તો સારી હતી પણ અમુક ઠીક નહોતી, આ ચીજ ગળપણમાં મોળી હતી, આમાં ઘી થોડું હતું, આમાં મસાલો નહોતો, આ મીઠે મોળું હતું આવી વાતો કરનારા ઘણાઓ હોય છે.

For Private And Personal Use Only

ણી પોતાના ઘરના ભોજનની વિકથા કરનારા પણ કેટલાક હોય છે કેટલાક તો ઘરની, શેહેરની, દેશની અને પ્રદેશની અનેક પ્રકારની ચીજોની વાતો કરવાના રસીયા હોય છે. અમુક દેશમાં આ વસ્તુ સારી બને છે અને અમુક દેશમાં ફલાણી ચીજ સારી બને છે એવી વાતો કરનારની રસગૃદ્ધતા વૃદ્ધિ પામે છે, વળી બીજાઓને એવી વાતો સંભળાવીને તે ચીજો ખાવાના રસીયા બનાવે છે, તેમાં કેટલીક ચીજો અભક્ષ હોય છે તેના સ્વાદનું પણ એવા રસીયા માણસો વર્ણન કરે છે જેથી પોતાને તો તે ચીજ કદી ખાવી ન હોય પણ બીજા તેના વખાણ સાંભળીને તે ખાય છે અને તેનો કારણીક વાત કરનાર થાય છે. ભોજન સબંધી વિકથા પણ અનેક પ્રકારના કર્મ બંધને કરાવનારી છે. વાતના રસમાં એવાં તો કેટલીક વખત લીન થઇ જાય છે કે જાણે તે વસ્તુનું આસ્વાદન કરવા મંડી પડયા હોયની ! પણ આ સર્વે મુર્ખતાના લક્ષણ છે. સુજ્ઞ જનો એવી નકામી વાતો સાંભળવામાં પણ રસ માનતા નથી તો કરે તો શેનાજ. માટે ગુણગ્રાહી જનોએ એવી કોઇપણ પ્રકારની વિકથા કરવાની ટેવ ન પાડવી જોઇએ. વાત કરવી તે ધર્મ સંબંધી અગત્યા જરૂરીઆતના વ્યવહાર સંબંધી–તે શિવાય મૌન રહેવું એજ લાભકારક છે એમ પ્રવર્તન રાખવાથી કોઇ પ્રકારનો મિથ્યા કર્મ બંધ થતો નથી, કોઇને માઠું લાગતું નથી તેમ કોઇ જાતના અણધાર્યા કષ્ટમાં પણ આવી પડાતું નથી. માટે વાંચક વર્ગે આ હિત શિક્ષા જરૂર લક્ષમાં રાખવી.

જીવને સંસારમાં પાડનારા પૂર્વોક્ત પાંચ પ્રકારના પ્રમાદનું વર્ણન કર્યા પછી ગ્રંથકાર એ પાંચ માંહેનાજ નિદ્રા રૂપ પ્રમાદથી થતી હાની જૂદી પ્રદર્શીત કરે છે—

**जइ चउद्दस पुव्वधरो, वसइ निगोए अणंतयं कालं ।**
**निद्दा पमाय वसओ, ता होहिसि कहं तुमं जीव ॥७४॥**

અર્થ—જ્યારે નિદ્રા પ્રમાદના વશ થકી ચૌદ પૂર્વધર નિગોદને વિષે અનંતકાળ સુધી રહે છે તો હે જીવ ! તારૂં શું થશે ? ૭૪ અર્થાત્ તું જો નિદ્રાપ્રમાદને વશ પડયો તો કદી પણ ઉંચો આવી શકશે નહીં; આ સંબંધમાં દૃષ્ટાંત સાથે પુર્વેલી ગાથામાં વિસ્તાર કરેલો છે તેથી સમજી લેવું

એ૦

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્ત્રીકેળવણી,

( આગળ પૃષ્ટ ૬૭ થી )

અખંડ શીલવતી સતી રાજેમતિનો નેમનાથ ભગવાન સાથે વિવાહ થયો, લગ્ન નક્કી કર્યાં, નેમનાથસ્વામી વરઘોડે ચઢી પરણવા આવ્યા પરંતુ ત્યાં પશુઓનો પોકાર સાંભળી તોરણથી રથ પાછો ફેરવી સંયમ લેવા ઉત્સુક થયા. રાજેમતીએ પોતાને પતિએ છોડી દીધાથી અત્યંત વિલાપ કરવા માંડયો ત્યારે સખીઓએ અને કુટુંબી જનોએ તેણીને સમજાવવા માંડી અને અન્ય પતિ સાથે લગ્ન સંબંધથી જોડાવા કહ્યું પણ તેણીએ તેઓના વચન અંગીકાર ન કરતા 'જેની સાથે એક વખત સંબંધ જોડાયો તેજ મારા પતિ અને હવે જે એનો માર્ગ તેજ મારો માર્ગ' એમ કહી પ્રભુને કેવળજ્ઞાન થયે સંયમ અંગીકાર કર્યું–ચારિત્ર ગ્રહણ કર્યા પછી ગીરનાર ઉપર ફરતા એક વખત એકાંત ગુફામાં રહનેમીનો સંયોગ થયો. રહનેમી તેણીને એકાંત સ્થળમાં જોઈ વિષયાકુળ થયા પરંતુ એવે અણીને સમયે પણ પોતે લેશમાત્ર ન ડગતા ઉલટા રહનેમીને સારી રીતે સમજાવી સંયમને વિષે સ્થિર કર્યા. એ સર્વે જ્ઞાન ગુણનાજ ફળ હતા.

જે સમયે રામચંદ્રને વનવાસ જવાનું હતું તે સમયે તેમણે સીતાને પિતાને અથવા સાસરાને ઘરે રહેવા ઘણી રીતે સમજાવ્યા પરંતુ ત્યાં રહેવાથી જે સુખ મળે તે કરતા પણ જંગલી પશુઓથી વસતા અને સુખકારક પદાર્થના અભાવવાળા અરણ્યમાં પતિની સાથે રહેવાથી અને નિરંતર પતિ સેવા કરવાથી વધારે સુખ માન્યું, વનમાંથી દુષ્ટ બુદ્ધિ રાવણ કપટ કરી લંકામાં ઉપાડી ગયો ત્યાં તેણે અનેક પ્રકારની લાલચ તથા ધમકી આપ્યા છતાં તેની સામે દ્રષ્ટિ માત્ર કરી નહિ અને સંપૂર્ણ રીતે શીયલવ્રત જાળવી રાખ્યું, વનમાંથી પતિસાથે અયોધ્યામાં પાછા આવ્યા પછી કોઈ દુર્જનના વચનથી પતિએ તેણીનો ત્યાગ કર્યો તે સમય પણ ધૈર્યતાથી આનંદમાંજ ગુજાર્યો અને પતિ ઉપર લેશ માત્ર અપ્રીતિ ન થઈ–એ સર્વે જ્ઞાન અને તેથી પ્રાપ્ત થએલા ઉત્તમ ગુણોનોજ પ્રતાપ હતો.

સતી દમયંતીમાં જ્ઞાનનો સદ્ભાવ ન હોત તો જે સમયે નળરાજા દ્યુતક્રીડામાં રાજ્યઋદ્ધિ સર્વ હારી ગયા અને વનવાસ લેવાનો સમય આવ્યો ત્યારે તે પતિની સાથે વનમાં જવાને આનંદિત થાત? કદિ ન થાત; કારણકે અજ્ઞાની સ્ત્રીઓ તો પતિને એવી રીતે વિપત્તિ પ્રાપ્ત થયે તેની ઉપર નિઃસ્નેહી થાય છે. વળી વનમાં ફરતા ફરતા જ્યારે નળરાજા તેણીને એક વિકટ અરણ્યમાં સુતી મુકીને ચાલ્યા ગયા ત્યારે પણ પોતે સંકટનો સર્વ વખત ધૈર્યતાથી ઉત્તમ ભાવનામાં ગુજાર્યો, કેટલેક ઠેકાણે શાશનની ઉન્નતિ કરી. કેટલાક માણસોને ધર્મ પમાડયો અને શીયલવ્રત સારી રીતે જાળવી રાખ્યું એ સર્વ કાર્ય જ્ઞાન વિના જરા પણ બની શકત નહિ અને ઉલટો કર્મ બંધ થાત.

સતી કલાવતી લેશમાત્ર કલંકિત ન છતાં શંખરાજાએ તેણીને બા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેમણે વનમાં મોકલાવી દીધી, ને ગર્ભવતી હતી તે વિષે જરા પણ વિચાર ન કરતા તેઓના હાથ બાંધેલા માર્ગે કાઢી નાંખ્યા તેવે સમયે પણ દોષના ભાગી પતિ હોય ન કરતાં પોતાના કર્મનોજ દોષ કાઢયો એ જો તેનામાં જ્ઞાનનો અભ્યાસ ન હોત તો કદી ન બનત. ગુણનો બદલો તો ગુણમાંજ મળે છે પણ તેની અજ્ઞાની મનુષ્યોને ખબર પડતી નથી તેથી તેઓ કાર્યા કાર્યનો વિચાર કર્યા વિના તથા આત્મપણાની અનુકૂળતા પ્રતિકૂળતાના વિચાર વિના અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરી કર્મ બંધ કરે છે. કલાવતી જ્ઞાનવાળી હતી તો તેણે તેવા સંકલ્પ વિકલ્પ ન કર્યા અને આત્મતત્વને અનુકૂળ થઈ શુભ ભાવના ભાવ્યા કરી તો પુત્ર જણાયો. હાથ જેવા હતા તેવા થયા અને પતિનો મેળાપ પણ થયો.

સતી સુભદ્રાને માથે સાસુ અને નણંદે ધર્મદ્વેષથી કલંક ચઢાવ્યું તો પણ તેણીએ તેની ઉપર બીલકુલ દ્વેષ આણ્યો નહિ, પરંતુ પોતાની સાથે સાધુજીને કલંકિત કર્યા અને તેથી ધર્મની હીનતા થતી જાણી ત્યારે શાસનદેવીનું સ્મરણ કરી તેની સહાયતાથી પોતાનું શીયળપણું સકલ નગરલોક સમક્ષ પ્રકટ કરી બતાવ્યું. ધર્મદ્વેષી સાસુ નણંદને પશ્ચાત્તાપનો વખત આવ્યો અને શાસનની શોભા વધારી એ સર્વે જ્ઞાન ગુણ વિના બની શકતું ન બનત. જો અજ્ઞાનતા હોત તો સામાસામી વઢવાનો—તોફાન મચાવવાનો વખત આવત અને એક બીજાના છતા અછતા દોષ કાઢી કર્મબંધ કર્યા કરત.

શ્રીમતીએ જો જ્ઞાનાભ્યાસ કર્યો હતો તોજ તેણીને નવકાર મંત્રના પ્રભાવની શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી જેને યોગે ધર્મદ્વેષી પતિએ મારી નાખવા માટે કરેલા વિઘ્નમાંથી પણ બચી અને શાસનની શોભા વધારી.

સુરસુંદરીના અમરકુમાર સાથે લગ્ન થયા. પતિને દેશાટન કરવાનું હતું ત્યારે તે પતિવ્રતા સાથે થઈ. રસ્તે પાણી લેવા માટે એક બેટમાં ઉતર્યા તે વખતે બાળક અવસ્થામાં નિશાળમાં થયેલી બોલાચાલી યાદ લાવી પતિએ કઠણ હૃદયવાળો થઈ તેણીને તે નિર્જન સ્થાનમાં છોડી દીધી અને વહાણ હંકાર્યાં. એવે વખતે સુરસુંદરીને બદલે કોઈ જ્ઞાન રહીત સ્ત્રી હોત તો તેની શી ગતિ થાત તે વાંચનારેજ વિચારી લેવું. સુરસુંદરીએ તો જ્ઞાન મેળવ્યું હતું, શાસ્ત્ર અભ્યાસ કર્યો હતો, દેવગુરૂ ધર્મને વિષે દ્રઢ હતી અને નવકાર મંત્રનો પ્રભાવ જાણ્યો હતો તેથી તેને યોગે વનના રાક્ષસને વશ કરી પોતાનો પ્રાણ બચાવ્યો, વિષયાકુળ વ્યાપારીથી શિયળનું રક્ષણ કરી સમુદ્રપાર પામી, બેનાતટના રાજાને સંતોષ પમાડ્યો, પતિને મેળવ્યો અને તેને પોતે કરેલા અયોગ્ય કાર્યને માટે શરમાવાનો વખત આવ્યો, તથા પ્રાંતે ધર્મધ્યાન કરી પોતે તથા પતિ શુભ ગતિ ગામી થયા.

ચંદનબાળા અગર જો કે રાજપુત્રી હતી તોપણ રાજ્ય ઉપર આવી પડેલા સંકટથી પોતાને પિતાનું નગર છોડી અન્યસ્થળે દાસી તરીકે વેચાવાનો વખત આવ્યો. ત્યાં પણ શેઠાણી દુષ્ટ હોવાથી તેણીએ બેત્રણ દિવસના ઉપવાસ, પગમાં બેડી અને સ્ત્રીને લાયક ભૂષણનો ત્યાગ કરાવ્યો. આવા દુઃખના સમયમાં ફક્ત અડદના બાકળા લઈને બેઠેલી તે ભગવંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાવીરસ્વામીનો જોગ થયો. પોતાના અભિગ્રહમાંની એકાદ બાબત ઓછી હોવાથી ભગવંત પાછા વળ્યા એવે સમયે તેણીએ રોતારોતા પણ ભગવંતને પાછા બોલાવી બાકળા વોહોરવાનો આગ્રહ કર્યો. ભગવંત પુર્ણ અભિગ્રહ જાણી પાછા વળ્યા, બાકળા વોહોર્યા અને તેણીના મનવાંછીત પૂર્ણ થયા. જો ચંદનબાળા જ્ઞાનવતી ન હોતતો તે એવી અવસ્થામાં ભગવંતને વોહોરાવવાનો આગ્રહ ક્યાંથી કરત અને એના મનવાંછીત ક્યાંથી ફળત?

સાધ્વી મૃગાવતી અજાણતાજ પ્રભુના સમવસરણમાં વધારે વખત રહ્યા હતા. ઉપાશ્રયે આવ્યા પછી ગુરૂણીજીએ મોડા આવવાને માટે ઠપકો આપ્યો તે સમયે તેઓએ સારી રીતે જ્ઞાન સંપાદન કરી વિનય ગુણ મેળવ્યો હતો તો શિખામણ દેનાર ગુરૂણીજી ઉપર ગુસ્સે ન થતાં પોતાની ભૂલને માટે પશ્ચાતાપ કરવા માંડ્યો અને તેમ કરતાં કેવળજ્ઞાન પ્રકટ થયું.

મયણાસુંદરીનું ચરિત્ર તો જ્ઞાનનીજ પુષ્ટી કરે છે. તેણીએ સકલશાસ્ત્રનો અભ્યાસ કરી મેળવવા લાયક જ્ઞાન મેળવ્યું હતું તો પિતાની અયોગ્ય તકરાર સામે બાથ બીડી, તેમ કરતા પિતાએ રોગી શરીરવાળા શ્રીપાલકુંવર વેરે પરણાવી તો તેથી પણ આનંદ માન્યો, તેવા રોગી પતીનો અસહ્ય રોગ પોતાના જ્ઞાનથી મટાડવાનો વખત આણ્યો. પિતાનું કુળ અજવાળ્યું, પતિનું કુળ પ્રસિદ્ધ કર્યું, અને પોતે મેળવેલા જ્ઞાનની બલિહારી મનરાવી. વળી જે દિવસે શ્રીપાળ દેશાટન કરી પોતાને ગામે પધાર્યા છે અને બહાર મુકામ કરી રાત્રે એકલા ઘરે જોવા આવ્યા છે તે સમયે મયણાસુંદરી સાસુને તે દિવસે પૂજામાં ઉત્પન્ન થયેલા ભાવને લીધે પ્રાપ્ત થયેલા આનંદથી ઇષ્ટજનનો યોગ થવો જોઇએ એવી વાત કરે છે. એ વાત સાંભળી શ્રીપાળ કુંવર અત્યંત ખુશી થયા અને તરતજ ઘરમાં દાખલ થઇ સ્રીનું વચન સત્ય કરી બતાવ્યું. જો મયણાસુંદરી જ્ઞાનવતી ન હોતતો પૂજામાં તેને આવો ઉલાસ પણ ક્યાંથી થાત? જ્ઞાનના ફળતો અપૂર્વ છે.

દ્રૌપદીએ સંપૂર્ણ રીતે જ્ઞાન સંપાદન કર્યું હતું તો વિવાહ સમયે પણ પ્રભુની પૂજા કરવાના ભાવ ઉત્પન્ન થયા હતા જે કાર્યથી સિદ્ધાંતમાં પણ તેના ગુણ ગવાયા વળી વનમાં પતીની સાથે ફરી આનંદ માન્યો, દુર્યોધનની સભામાં લાજ લેવાના તેના વિચારનો પણ નાશ કરી શિયલવ્રતની શુદ્ધિ બતાવી એ સર્વ જ્ઞાનના પ્રતાપ હતા. બીજી સ્રીઓ એક પતિની પણ સેવા સંપૂર્ણપણે બજાવી શકતી નથી પણ તેણીએ પાંચપતિની સેવા સંપૂર્ણ રીતે બજાવી તે બાબત તેણીને કૃષ્ણની સ્રી સત્યભામા સાથે એક વખત નીચે પ્રમાણે વાત થઇ હતી

અપૂર્ણ.

For Private And Personal Use Only